નિયામક વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર
૨૩ MAR ૨૦૧૬
શાખા...
ઇનવર્ડ નં....

વિકસતી જાતિ કલ્યાણ અને અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આશ્રમશાળાના કર્મચારીઓને પેન્શન / નિવૃતિનાં લાભો આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૯/૦૩/૨૦૧૬.

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૪/૦૬/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૦૨૦૧૩/ ૬૨૩૫૬૦/ અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૦૬/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: અમશ/ ૧૦૧૫/૨૯૬૧૭૮/ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૧૧/૨૦૧૫ નો પરિપત્ર ક્રમાંક: સશપ/ ૧૦૨૦૧૩/ ૬૨૩૫૬૦/ અ.૧

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૨/૧/૨૦૧૬ નો સુધારા ઠરાવ ક્રમાંક:અમશ/ ૧૫૦૭/હા.કો.૧૮/ઘ

<u>પ્રસ્તાવના:-</u>

રાજ્યની વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તક ચાલતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અને વિચરતી-વિમુકત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ, પેન્શન, ગ્રેજ્યુઇટી તથા નિવૃત્તિના લાભો આપવા અંગે ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ ધ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરેલ કેસમાં નામ. હાઇકોર્ટના તા. ૨૨/૪/૨૦૧૪ ના ચુકાદાથી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ધ્વારા મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ હેઠળ ચલાવવામાં આવતી ખાનગી અનુદાનિત પ્રાથમિક શાળાઓના શિક્ષકોને જે લાભો જે તારીખથી મળે છે તે મુજબ અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને પણ આ પ્રકારના લાભો ચુકવવા આદેશ થયેલ. આ આદેશને રાજ્ય સરકારે સર્વોચ્ચ અદાલતમાં પડકારતાં, સર્વોચ્ચ વડી અદાલતે તેમના તા. ૧૨/૧/૨૦૧૫ ના ઓર્ડરથી રાજ્ય સરકારની એસ.એલ.પી. રદ કરતાં નામ. વડી અદાલતનો ડીવીઝન બેંચનો તા. ૨૨/૪/૨૦૧૪ નો ચુકાદો આખરી બનતા આ વિભાગ હસ્તકના વિકસતી જાતિ કલ્યાણ અને અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત

આશ્રમશાળાનાં શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓને પેન્શન/નિવૃત્તિના લાભો આપવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક(૧) અને (૨) પરના આ વિભાગના તા. ૨૪/૬/૨૦૧૫ ના ઠરાવથી હુકમો કરવામાં આવેલ છે. ત્યારબાદ આ ઠરાવની જોગવાઇ નં ૧૧ મુજબ આ યોજનાના અમલીકરણ માટે વંચાણ હેઠળના ક્રમાંક (૩) તા. ૨૦/૧૧/૨૦૧૫ ના પરિપત્રથી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. પરંતુ વિભાગના તા. ૨૪/૬/૨૦૧૫ ના ઠરાવમાં કર્મચારીઓને કયા લાભો ચુકવવાના થશે તે સુનિશ્ચિત કરવામાં આવેલ ન હોવાથી આશ્રમશાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના લાભો ચુકવવામાં દ્વિધા પડતી હોઇ, આદિજાતિ વિકાસ વિભાગે રાજયના આશ્રમશાળાનાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને ચુકવવાના લાભો સુનિશ્ચિત કરી વંચાણ હેઠળના ક્રમાંક:(૪) પરના તા. ૧૨/૧/૨૦૧૬ના રોજ સુધારા ઠરાવ બહાર પાડેલ છે. તે મુજબ આ વિભાગ હસ્તકના વિકસતી જાતિ કલ્યાણ તથા અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને લાભો ચુકવવાની બાબત સુનિશ્ચિત કરી વધુ સ્પષ્ટતાઓ કરતો ઠરાવ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ :-

૧, પુખ્ત વિચારણાના અંતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા અને વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આશ્રમશાળાનાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને વિભાગના તા.૨૪/૦૬/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : સશપ/ ૧૦૨૦૧૩/ ૬૨૩૫૬૦/અ.૧ અને ક્રમાંક:- આમશ/૧૦૧૫/૨૯૬૧૭૮/ગ મુજબ નીચે જણાવેલ લાભો ચુકવવાનાં રહે છે.

(૧) ગ્રેજ્યુઇટી
(૨) પેન્શન
(૩) રજા રોકડ પગાર
(૪) સી.પી.એફ
(૫) જૂથ વિમો
(૬) ઉચ્ચતર પગાર ધોરણ
(૭) રજા પ્રવાસ રાહત
(૮) સરકાર માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને સત્રાંતે નિવૃતિ.
(૯) અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના આચાર્યને અપાતુ માસિક ભથ્થું
(૧૦) શિક્ષણ વિભાગ હસ્તકની અનુદાનિત પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને મળતા અન્ય તમામ લાભો.

આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી (જ્યાં હોય ત્યાં) આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી અંગે ના વાંધા પ્રમાણપત્ર (N.O.C.) આપવાની અને કર્મચારીઓની ભરતીની નિમણૂંકને બહાલી આપવાની તથા આ કર્મચારીઓના

પેન્શન કેસોમાં પ્રતિ સહી કરવાની અને નવ વર્ધિત પેન્શન યોજનામાં ખાતા ખોલાવવા અંગે પ્રતિ સહી કરવાની સત્તા સબંધિત ખાતાના, સબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારી (અ.જા.ક., વિ.જા.ક)ને સુપ્રત કરવામાં આવે છે.

આશ્રમશાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને મળવાપાત્ર લાભોની મંજૂરી બાબતે નીચે જણાવેલ તમામ પ્રક્રિયા અનુસરીને જ આ પ્રકારના લાભો મંજૂર કરવાના રહેશે.

(૧) આશ્રમશાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને નિયત લાભો આપવા માટે સંચાલક મંડળે નિયમાનુસાર આ પ્રકારના લાભો મંજુર કરવા બાબતે ઠરાવ કરીને મંજૂરી આપીને, જરૂરી તમામ આધારો અને સેવાપોથી સાથે દરખાસ્ત સબંધિત જિલ્લાના જિલ્લા સત્તાધિકારીને મોકલી આપવાની રહેશે.

(૨) સંસ્થા તરફથી ઉકત ક્રમાંક:(૧) મુજબની વિગતવાર દરખાસ્ત સબંધિત જિલ્લા સત્તા અધિકારીને મળ્યા બાદ તેઓની ચકાસણી અને અભિપ્રાયના આધારે પ્રવર્તમાન ઠરાવો, નિયમોની જોગવાઇઓ અનુસાર લાભ ચુકવવાપાત્ર હોવા બાબતે સંસ્થાનાં મંજૂરી ઠરાવને આધારે સમર્થન આપતો મંજૂરી આદેશ સબંધિત જિલ્લા અધિકારીને કરીને તે પછી ચુકવણું કરવાનું રહેશે. આ પ્રકારના લાભોની મંજૂરીની સત્તા કાર્યક્ષેત્ર હેઠળના સબંધિત જિલ્લા અધિકારી(અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ કલ્યાણ)ને રહેશે.

(૩) લાભોની મંજુરીના આદેશ બાદ આ પ્રકારનાં ચુકવણીની સત્તા જીલ્લા કક્ષાએ ઉપાડ અધિકારીશ્રી તરીકે સબંધિત જિલ્લા અધિકારી(અનુસુચિત જાતિ, વિકસતી જાતિ કલ્યાણ)ને રહેશે.

૨. અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા (ગ્રાન્ટેડ) ના મહેકમ પર ફરજ બજાવતા શિક્ષકો પૈકી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર શિક્ષકોનાં આશ્રિતોને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા બાબતે શિક્ષણ વિભાગના તા.૩૧/૦૮/૨૦૧૨ ના હુકમ નં.ખપસ/ ૧૦૧૨/ સીઆી-૫૩/ ચ ને ધ્યાને લેતા અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે આ લાભ આપી શકાશે નહીં.

૩. ઉકત તમામ બાબતે અનુદાનિત આશ્રમશાળાના શૈક્ષણિક, બિનશૈક્ષણિક કર્મચારીઓને પેન્શન અને નિવૃત્તિના લાભો આપવાની મંજૂરી બાબતની સત્તા સબંધિત ખાતાના, સબંધિત જિલ્લાનાં અધિકારીશ્રીઓ અનુસુચિત જાતિ કલ્યાણ ખાતામાં જિલ્લા નાયબ નિયામકશ્રી અને વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં જિલ્લા નાયબ નિયામકશ્રી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.)ને આપવામાં આવે છે. તેઓએ આ તમામ કામગીરી પ્રવર્તમાન નિયમોની મર્યાદાને આધીન રહીને કરવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ નીચે મુજબના સદરે ઉધારવાનો રહેશે.

(૧) અનુસુચિત જાતિ ખાતાની આશ્રમશાળાઓ માટે

માંગણી ક્રમાંક : ૯૫(આયોજન), મુખ્ય સદર -૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા સદર : ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર : ૨૭૭, પેટા સદર : ૨૫ બીસીકે ૨૭ આશ્રમશાળાઓ હેઠળ ઉધારવાનો રહેશે તથા

માંગણી ક્રમાંક : ૯૫(આયોજન), મુખ્ય સદર -૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા સદર : ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર : ૨૭૭, પેટા સદર : ૨૬ બીસીકે ૨૭ અનુસુચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના હેઠળ ઉધારવાનો રહેશે.

(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ની આશ્રમશાળાઓ માટે માંગણી ક્રમાંક : ૯૨, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર : ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર ૨૭૭ શિક્ષણ, પેટા સદર : (૧૪) બીસીકે-૯૪ આશ્રમશાળાઓ હેઠળ ઉધારવાનો રહેશે.

(૩) વિચરતી-વિમુકત જાતિ (NT-DNT) ની આશ્રમશાળાઓ માટે માંગણી ક્રમાંક : ૯૨, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર : ૮૦ સામાન્ય, ગૌણ સદર : ૧૦૧ વિમુકત અને અસ્થાયી જાતિઓનું કલ્યાણ, પેટા સદર : (૧૩) બીસીકે-૧૪૫ આશ્રમશાળાઓ હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ સરકારશ્રીની તા.૧૫/૩/૨૦૧૬ની નોંધની મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. જી. વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના :</u>

૧. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
૨. માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન.મંત્રીશ્રી(સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.